Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# સાહિત્યમાં ઇકો-ક્રિટિસિઝમની વિભાવના: એક પરિચય

## દર્શિની દાદાવાલા

(વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા)

Dr. Darshini Dadawala
*Anugraha,* P-403, Shivabhi Luxuria, Maneja, Vadodara 390 013, Gujarat +91 963 810 0452
Email: darshini.dadawala-guj@msubaroda.ac.in

**Abstract** | આ શોધપત્ર ૧૯૯૦ના દાયકાથી સાહિત્ય-જગતમાં વિકસેલા ઇકો-ક્રિટિસિઝમના ખ્યાલની વિગતે ચર્ચા કરે છે. ૧૯૭૦ અને ૧૯૮૦ના દશકમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણવાદી જાગૃતિ અને ચળવળો વિસ્તરી તેના સાહિત્યિક પરિપાક રૂપે ઇકો-ક્રિટિસિઝમનો વિચાર ઉદભવ્યો. સાહિત્ય અને પ્રાકૃતિક જગતને જોડતો એ બૌદ્ધિક તંતુ છે. જુદી જુદી સાહિત્યિક કૃતિઓમાં પ્રકૃતિ અને પર્યાવરણને કઈ રીતે આલેખવા અને મૂલવવામાં આવ્યાં છે તે તપાસવું તેનો પ્રમુખ હેતુ છે. એક દૃષ્ટિએ જોઈએ તો, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરવાના કર્મશીલ હેતુથી પણ ઇકો-ક્રિટિસિઝમ પ્રેરિત છે. ઇકો-ક્રિટિસિઝમ એ બુનિયાદી માન્યતા પર આધારિત છે કે પ્રકૃતિ અને સંસ્કૃતિ પરસ્પર પર ઊંડી અસરો કરે છે અને સાહિત્ય આ બંને વચ્ચેના સંબંધોને તપાસવા અને સમજવા માટેનું એક પ્રમુખ માધ્યમ છે.

ઇકો-ક્રિટિસિઝમના પ્રથમ તબક્કામાં વિવેચકોએ અમેરિકા અથવા તો ઇંગ્લેન્ડમાં થયેલ પ્રકૃતિવિષયક લખાણો અને રોમેન્ટિક કવિતાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જ્યારે તેના બીજા તબક્કામાં આ પ્રકારના વિવેચનને લગતા અભ્યાસોમાં ગ્રામ્ય પરિપ્રેક્ષ્યથી શહેરી પરિપ્રેક્ષ્ય તરફનું પ્રયાણ અને પ્રકૃતિથી પર્યાવરણ તરફ કેન્દ્રબિંદુ ખસતું જોઈ શકાય છે. એ જ રીતે, પ્રકૃતિ અંગે વ્યક્તિલક્ષી વાત કરવાને બદલે પર્યાવરણ વિષે સમાજલક્ષી અભિગમ ઉભરતો દેખાય છે. ભારતમાં પણ ઇકો-ક્રિટિસિઝમના અભિગમનો પ્રસાર નોંધપાત્ર રીતે થયો છે. ભારતની બધી જ ભાષાઓમાં અને આદિવાસીઓની મૌખિક પરંપરાઓ પર આધારિત ભાષાઓમાં પણ પ્રકૃતિવિષયક લખાણો નોંધપાત્ર પ્રમાણમાં જોવા મળે છે.  આ અંગે હવે તુલનાત્મક અને પદ્ધતિસરના અભ્યાસો થાય તે ઇચ્છનીય છે.

**Key Words** | Eco-criticism, Green Criticism, Nature, Nature Writing, Environment, Ecology

દરેક યુગમાં પ્રકૃતિ અને પર્યાવરણ અંગે માનવીય સંવેદનો અલગ અલગ રીતે અભિવ્યક્ત થતાં રહ્યાં છે. પરંતુ, છેલ્લા ચારેક દશકમાં પર્યાવરણની જાળવણી અને તેની સામેના પડકારો અંગેની જાગૃતિ એક વ્યાપક અને લોકપ્રિય ચેતના તરીકે ઊભરી આવી છે. વાયુ અને જળ પ્રદૂષણ, આબોહવામાં પરિવર્તન અને વધતું તાપમાન, જૈવ-વૈવિધ્યમાં નોંધપાત્ર ઘટાડો, દુર્લભ પ્રજાતિઓનો વિનાશ, મૂલ્યવાન કુદરતી સંસાધનોનો ક્ષય, વસ્તી-વિસ્ફોટ, ટેક્નોલોજી દ્વારા પ્રકૃતિનું શોષણ, જૈવિક અને અજૈવિક કચરાના નિકાલની સમસ્યા ઇત્યાદિ - આ બધી જ સમસ્યાઓ સાંપ્રત સમયમાં મનુષ્ય જાતિ સમક્ષ સૌથી મોટા પર્યાવરણીય પડકારરૂપ બની ગઈ

છે.

પ્રકૃતિ અને સાહિત્યકારો-લેખકો-કવિઓ વચ્ચે હંમેશા ઊંડો સંબંધ રહ્યો છે. તમામ સંસ્કૃતિઓ અને ભાષાઓમાં પ્રકૃતિ અને પર્યાવરણને કેન્દ્રમાં રાખી લખાયેલું સાહિત્ય વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. પ્રકૃતિ અને પ્રકૃતિનાં વિવિધ તત્વો - પર્વતો, નદીઓ, ઝરણાં, દરિયા, તળાવો, વૃક્ષો, માનવેતર પ્રાણીઓ વગેરે - હંમેશા સાહિત્યમાં પ્રભાવક રહ્યાં છે. પર્યાવરણીય મુદ્દાઓ વિષેની સાહિત્યકારોની ચિંતા પણ આ મુદ્દાઓના ઇતિહાસ જેટલી જ જૂની છે. વન-વિનાશ, વાયુ પ્રદૂષણ, નષ્ટપ્રાય પ્રજાતિઓ, પ્રાણીઓના અધિકારો અને પ્રબળ ઉપભોકતાવાદ જેવા અનેક ચર્ચાસ્પદ મુદ્દાઓને ઘણા દાયકાઓથી સાહિત્ય દ્વારા આગવી રીતે તપાસાયા છે અને રજૂ થયા છે.

૧૯૭૦ અને ૧૯૮૦ના દશકમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણવાદી જાગૃતિ અને ચળવળો વિસ્તરી તેના સાહિત્યિક પરિપાક રૂપે ૧૯૯૦ના દાયકાથી સાહિત્ય-જગતમાં ઇકો-ક્રિટિસિઝમનો ખ્યાલ પણ વિકસ્યો. ઝડપથી ઊભરતા એક વિશિષ્ટ અભિગમ તરીકે ઇકો-ક્રિટિસિઝમ – જે, ખાસ કરીને ઇંગ્લેન્ડમાં, "ગ્રીન ક્રિટિસિઝમ" તરીકે પણ ઓળખાય છે - છેલ્લા બે દશકમાં ઠીકઠીક વિકસ્યું છે. આ પ્રકારના સાહિત્યિક વિવેચનનો મુખ્ય હેતુ મનુષ્ય અને પ્રકૃતિ તથા પર્યાવરણ વચ્ચેના સંબંધોને સાહિત્યના માધ્યમથી તપાસવાનો છે. ઇકો-ક્રિટિસિઝમનો વિચાર સાહિત્ય અને પ્રાકૃતિક જગતને જોડતો બૌદ્ધિક તંતુ છે. જુદીજુદી સાહિત્યિક કૃતિઓમાં પ્રકૃતિ અને પર્યાવરણને કઈ રીતે આલેખવા અને મૂલવવામાં આવ્યાં છે તે તપાસવું એ ઇકો-ક્રિટિસિઝમનો પ્રમુખ હેતુ છે. માત્ર પ્રકૃતિ અને પર્યાવરણનો સાહિત્યિક અભ્યાસ જ નહિ, પરંતુ પ્રકૃતિ અને માનવ સંવેદનો તથા પ્રકૃતિ અને સંકૃતિ વચ્ચેના આંતરસંબંધોને સમજવાનો પણ ઇકો-ક્રિટિસિઝમનો હેતુ રહેલો છે. તેના વિકાસના શરૂઆતના તબક્કા પછી ઇકો-ક્રિટિસિઝમ માત્ર સાહિત્ય કૃતિઓની તપાસ પૂરતું માર્યાદિત ન રહેતા ચિત્રકામ અને સિનેમા વિષેના અભ્યાસમાં પણ તેના સિદ્ધાંત લાગુ કરી સમીક્ષા કરવાની શરૂઆત થઈ.

સાહિત્યિક અભ્યાસના એક નવીન અને આંતર-વિદ્યાશાખાકીય ક્ષેત્ર તરીકે ઇકો-ક્રિટિસિઝમ, એક દ્રષ્ટિએ જોઈએ તો, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરવાના કર્મશીલ હેતુથી પણ પ્રેરિત છે. ઇકો-ક્રિટિસિઝમના અભિગમને અપનાવનારા વિવેચકો પોતે પણ પર્યાવરણવાદી અને પ્રકૃતિના ખૂબ અંતરંગ ચાહક અને પર્યાવરણ સુરક્ષાના સમર્થક રહ્યા છે. તેવો દ્રઢપણે એવું માને છે કે સંસ્કૃતિ અને પ્રકૃતિ વચ્ચેનો વિચ્છેદ જ આપણા યુગની પર્યાવરણની સમસ્યાઓનું મૂળ છે. આ બંને વચ્ચે ફરી સંતુલન સાધવા માટે કલા-સાહિત્ય લોકચેતનાનું એક સંગ્રાહક થઈ શકે છે. ઇકો-ક્રિટિસિઝમ એવું પણ સ્થાપિત કરવાની કોશિશ કરે છે કે તમામ જીવો અને તમામ પ્રકારનું જીવન એકબીજાની સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલાં છે અને કલાસાહિત્યનું વિષયવસ્તુ પણ મહદ અંશે આ જ વાતની પુષ્ટિ કરે છે. માટે જ, પ્રકૃતિ તરફ ઉપયોગીતાવાદની દ્રષ્ટિએ નહિ જોતાં તેને જીવનના અભિન્ન અંગ તરીકે સ્વીકારવા માટે સાહિત્ય અને કલાનું માધ્યમ અસરકારક બની શકે.

પ્રકૃતિથી મનુષ્યોનું અનુસંધાન જાળવી રાખવું એ ઇકો-ક્રિટિસિઝમનો બુનિયાદી ઉદ્દેશ છે. સમગ્ર બ્રહ્માંડમાં બધું એકબીજાની સાથે સંકળાયેલું છે અને માટે લેખક અને તેની કૃતિમાં એકીકરણની

આ ચેતના પ્રગટ થાય એ ઇચ્છનીય છે તેવું ઇકો-ક્રિટિસિઝમ પ્રતિપાદિત કરે છે. પર્યાવરણની જાળવણી કરવા માટે સાહિત્ય દ્વારા આ ચેતનાનો પ્રસાર પણ થવો જોઈએ તેવી એ તરફેણ કરે છે. ઇકો-ક્રિટિસિઝમ એવી દલીલ કરે છે કે વ્યક્તિ અંગેની વાત હંમેશા તેના પ્રાકૃતિક સંદર્ભ માં જ થઈ શકે.

ઇકો-ક્રિટિસિઝમ વિષયના ઊંડા અભ્યાસુ એવા શેરિલ ગ્લોટફેલ્ટી તેમનાં પુસ્તક ***The Ecocriticism Reader: Landmarks in Literary Ecology***માં નોંધે છે કે જેમ નારીવાદી વિવેચન ભાષા અને સાહિત્ય-રચનાઓને લિંગ પ્રત્યેની સભાનતાના પરિપ્રેક્ષ્યથી તપાસે છે, અને જે રીતે માર્ક્સવાદી વિવેચન ઉત્પાદન પદ્ધતિ અને આર્થિક વર્ગ-વ્યવસ્થા અંગેની જાગૃતિ સાહિત્યના અભ્યાસમાં લાવે છે, તે જ રીતે ઇકો-ક્રિટિસિઝમ એ વાતનું અન્વેષણ કરે છે કે પ્રકૃતિ અને કુદરતી વિશ્વની કલ્પના સાહિત્યિક લખાણોમાં કેવી રીતે કરવામાં આવી છે, અને તેને આપણે સાંપ્રત પ્રકૃતિ-વાદી અને પર્યાવરણીય પરિપ્રેક્ષ્યમાં કઈ રીતે જોઈ શકીએ. ઇકો-ક્રિટિસિઝમ એ બુનિયાદી માન્યતા પર આધારિત છે કે પ્રકૃતિ અને સંસ્કૃતિ પરસ્પર પર ઊંડી અસરો કરે છે અને સાહિત્ય આ બંને વચ્ચેના સંબંધોને તપાસવા અને સમજવા માટેનું એક પ્રમુખ માધ્યમ છે.

ઇકો-ક્રિટિસિઝમમાં મુખ્યરૂપે કૃતિઓનું વાંચન અને વિવેચન તેમાં પ્રકૃતિ અને પર્યાવરણનું કઈ રીતે ચિત્રણ કરવામાં આવ્યું છે તેને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જે લેખકો અને તેમની કૃતિઓએ પ્રાકૃતિક વિષયોને વધારે માત્રામાં સમાવ્યા છે કે કેન્દ્રવર્તી રીતે આલેખ્યા છે તેનું મૂલ્ય ઇકો-ક્રિટિસિઝમની દ્રષ્ટિએ અન્ય કૃતિઓની તુલનામાં વધારે છે. કવિતાઓ કે નવલકથાઓ ઉપરાંત, પ્રવાસવર્ણનો, આત્મકથાઓ અથવા નિબંધો કે જેમાં લેખક પોતાના પ્રકૃતિને લગતાં સંવેદનો, વિચારો કે અનુભવોને પ્રગટ કરે છે તે ઇકો-ક્રિટિસિઝમને અનુસરતા વિવેચકો માટે વિશિષ્ટ અગ્રીમતા ધરાવે છે.

જે ચોક્કસ મુદ્દાઓ ઇકો-ક્રિટિસિઝમના અભિગમમાં કૃતિઓના અભ્યાસના દાયરામાં આવે છે તે પૈકીના કેટલાક પ્રકારો છે: કૃતિ દ્વારા અભિવ્યક્ત થતું જીવન અને પ્રકૃતિ વચ્ચેનું સંતુલન કે સમાજ અને પ્રકૃતિ વચ્ચેનું સંતુલન, લેખકની કૃતિ અને તેની વિષય-વસ્તુ કેટલી હદે માનવ-કેન્દ્રી છે અને કેટલી હદે માનવ સિવાયના અન્ય જીવો અને પ્રકૃતિને એકીકૃત દ્રષ્ટિએ જુએ છે, પ્રકૃતિ અને તેનાં તત્ત્વો વિશે ક્યા પ્રકારની ભાષા અને શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે, પ્રાકૃતિક સંશાધનોનો ન્યાયી ઉપયોગ કે પ્રકૃતિ ને હાનિ પહોંચાડતા માનવીય કૃત્યો વિષે કેટલી અને કયા પ્રકારની જાગૃતિ કૃતિમાં નિહિત છે ઇત્યાદિ. અન્ય પ્રકારનાં સાહિત્ય વિવેચન કે જેમાં વિવેચક કવિ કે લેખકની આંતરિક ચેતનાને વધારે મહત્વ આપે છે તેની સરખામણીમાં ઇકો-ક્રિટિસિઝમ એ કવિ કે લેખકની કૃતિઓમાં બાહ્ય અને પ્રાકૃતિક ઘટનાઓ કે પરિસ્થિતિઓ વિશે કઈ પ્રકારની આંતરિક ચેતનાનું દર્શન થાય છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કઈ રીતે લેખકનું લખાણ પર્યાવરણની સુરક્ષા અને વિકાસની આધુનિક ચેતના સાથે સુસંગત છે, શું સ્ત્રી લેખકો, પુરુષ લેખકોની તુલનામાં પ્રકૃતિને જુદી રીતે જુએ છે અને પ્રાકૃતિક અને ભૌગોલિક પરિવેશ લેખક અને કથા કે કવિતાની ઉત્ક્રાંતિમાં ક્યા પ્રકારનો ભાગ ભજવે છે એ પણ ઇકો-ક્રિટિસિઝમના મુદ્દાઓ રહ્યા છે.

ઇકો-ક્રિટિસિઝમના ઔપચારિક વિકાસનો ઇતિહાસ બહુ લાંબો નથી. ૧૯૭૮ માં વિલિયમ રુકાર્ટ દ્વારા તેને લખેલા નિબંધ ***Literature and Ecology: An Experiment in Ecocriticism*** માં પહેલી વાર ઇકો-ક્રિટિસિઝમ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો. આ નિબંધમાં તેણે ઇકો-ક્રિટિસિઝમની વ્યાખ્યા 'સાહિત્ય કૃતિઓને ઈકોલોજીના સિદ્ધાંતો મુજબ તપાસવી' એ રીતે કરી. ૧૯૯૦ના દશકમાં અમેરિકા અને ઇંગ્લેન્ડમાં ઇકો-ક્રિટિસિઝમ પર આધારિત સાહિત્યિક અભ્યાસોનો સુવ્યવસ્થિત રીતે આરંભ થયો અને ત્યારબાદ તેને વેગ મળ્યો. પછી ધીરેધીરે વિશ્વના અન્ય દેશો અને ભાષાસાહિત્યમાં પણ તેનો પ્રસાર થયો. ઇકો-ક્રિટિસિઝમ દ્વારા શરૂઆતના સમયમાં પાશ્ચાત્ય સાંસ્કૃતિક ઇતિહાસમાં પર્યાવરણ અંગેના રોમેન્ટિસિઝમ દ્વારા પ્રચલિત થયેલા ખ્યાલની તપાસ અને પુનર્મૂલ્યાંકન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું, પરંતુ ત્યારબાદ, પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચેના આંતરસંબંધો અને પરસ્પરની અસરો સાહિત્યના જુદાંજુદાં રૂપોમાં કઈ રીતે પ્રગટ થયાં છે તે અંગે પણ ચર્ચાઓ આરંભાઈ.

અમેરિકામાં ૧૯૯૨માં સ્થાપિત, સાહિત્યના વિદ્વાનોની સંસ્થા "અસોસિએશન ફોર ધ સ્ટડી ઓફ લિટરેચર એન્ડ એન્વાયરન્મેન્ટ"નો ઇકો-ક્રિટિસિઝમના વિવેચન-અભિગમના પ્રસાર-પ્રચારમાં મહત્વનો ફાળો રહ્યો છે. વ્યક્તિગત રીતે શેરિલ ગ્લોટફેલ્ટી અને જોનાથન બેટ ને ઇકો-ક્રિટિસિઝમના જનક તરીકે ગણવામાં આવે છે. આ ઉપરાંત, લોરેન્સ કૂપે અને પેટ્રિક મર્ફીએ પણ ઇકો-ક્રિટિસિઝમનાં ખેડાણમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

ઇકો-ક્રિટિસિઝમના વિદ્વાન વિશ્લેષક લોરેન્સ બ્યૂલ પશ્ચિમમાં ઇકો-ક્રિટિસિઝમ અભિગમના પ્રસારની વૃદ્ધિને બે તબક્કામાં જુએ છે. તેના પ્રથમ તબક્કામાં, વિવેચકોએ અમેરિકા અથવા તો ઇંગ્લેન્ડમાં થયેલ પ્રકૃતિ-વિષયક લખાણો અને રોમેન્ટિક કવિતાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ તબક્કામાં વિવિધ સાહિત્યિક રચનાઓમાં પ્રકૃતિ અંગે સાહિત્યકારોએ વર્ણવેલા અંગત અનુભવો અને ઊર્મિઓની વાત મુખ્ય રૂપે કરવામાં આવી. પ્રકૃતિલક્ષી લેખનને વ્યાખ્યાયિત કરે તેવું લખાણ ૧૮૫૪માં હેનરી ડેવિડ થોરો દ્વારા લખાયેલું "વોલ્ડન" પુસ્તક અને તેમાં કરાયેલું પ્રકૃતિનું કાવ્યાત્મક વર્ણન છે. લેખકે વોલ્ડન તળાવ પાસે એક નાની કેબીનમાં બે માસ ગાળ્યા ત્યારે પ્રકૃતિ અને તેના સૌંદર્યની તેમને જે બાહ્ય અને આંતરિક અનુભૂતિ થઈ તેના આલેખનું આ પુસ્તક છે, જે ઇકો-ક્રિટિસિઝમની દ્રષ્ટિએ પ્રકૃતિ-વર્ણનના ક્ષેત્રે સીમાચિહ્ન રૂપ ગણાય છે. એ જ રીતે, બીજી સીમાચિહ્ન રૂપ કૃતિ છે ૧૮૩૬માં આર. ડબ્લ્યુ. ઈમરસન દ્વારા "નેચર" શીર્ષક સાથે લખાયેલું પુસ્તક. જ્હોન રસ્કિન, થોમસ હાર્ડી, મેથ્યુ આર્નોલ્ડ, વોલ્ટ વિટમેન, વિલિયમ બ્રાયન્ટ, જ્હોન બરોસ, જ્હોન મૂર, વિલિયમ વર્ડ્સવર્થ, જ્હોન કીટ્સ, પી. બી. શેલી વગેરે જેવા અન્ય કવિઓ અને લેખકોની રચનામાં કઈ-કઈ રીતે પ્રકૃતિ અંગેનાં સંવેદનો પ્રગટ થયાં છે તે વિષય પરના અભ્યાસો પણ ઇકો-ક્રિટિસિઝમના પ્રથમ તબક્કામાં પ્રચલિત થયા. આ કવિઓ તેમની રચનાઓમાં માત્ર પ્રકૃતિ અને તેના સૌંદર્યની પ્રશંસા જ નથી કરતા, પરંતુ માનવ-જીવન અને પ્રકૃતિ વચ્ચે સંતુલિત સંબંધો અંગે પણ અંગુલી-નિર્દેશ કરે છે. વર્ડ્સવર્થ જેવા કવિએ તો હંમેશા પ્રકૃતિને શ્રેષ્ઠ શિક્ષક અને પોષક તરીકે જોઈ હતી. ઇકો-ક્રિટિસિઝમ આ પ્રથમ તબક્કામાં જ લોરેન્સ બ્યુલ અને જોનાથન બેટ જેવા વિદ્વાનોએ અનુક્રમે ***The Environmental Imagination*** અને ***Romantic Ecology*** જેવાં ઇકો-ક્રિટિસિઝમનો પાયો નાખનારાં મહત્વનાં પ્રકાશનો આપ્યાં.

આ તબક્કાનાં લખાણોએ પર્યાવરણવાદી સાહિત્ય કરતાં પણ પ્રકૃતિ-લક્ષી, ગ્રામ્ય પરિપ્રેક્ષ્યમાં રચાયેલાં અને કુદરત વિશેના માનવીય સંવેદનોને નિરૂપતાં સાહિત્ય પર વિશેષ ધ્યાન આપ્યું.

ઇકો-ક્રિટિસિઝમના બીજા તબક્કામાં આપણે આ પ્રકારનાં વિવેચનને લગતા અભ્યાસોમાં ગ્રામ્ય પરિપ્રેક્ષ્યથી શહેરી પરિપ્રેક્ષ્ય તરફનું પ્રયાણ અને પ્રકૃતિથી પર્યાવરણ તરફ કેન્દ્રબિંદુ ખસતું જોઈ શકીએ છીએ. એ જ રીતે, પ્રકૃતિ અંગે વ્યક્તિલક્ષી વાત કરવાને બદલે પર્યાવરણ વિષે સમાજલક્ષી અભિગમ ઉભરતો જોઈ શકાય છે. ઉપરાંત, માત્ર અમેરિકા અને ઇંગ્લેન્ડના સાહિત્ય પર ધ્યાન મર્યાદિત ન કરતાં ભારત, ચીન, જાપાન કે યુરોપના અન્ય દેશોની સાંસ્કૃતિક અને સાહિત્યિક પરંપરાઓમાં જોવા મળતી વિવિધ પ્રકારની પર્યાવરણીય સંવેદનશીલતાને પણ સંશોધન અને અભ્યાસના દાયરામાં આ તબક્કામાં સમાવી લેવાઈ. ઇકો-ક્રિટિસિઝમ અસરકારક રીતે કરી શકવા માટે એ જરૂરી બની ગયું કે પર્યાવરણીય મુદ્દાઓ અને તેના વિષેના વિવિધ વિદ્યાશાખાઓના જ્ઞાનની પાયાની જાણકારી વિવેચક પાસે હોય.

ભારતમાં પણ ઇકો-ક્રિટિસિઝમના અભિગમનો પ્રસાર નોંધપાત્ર રીતે થયો છે. ભારત માટે આ અભિગમ એ કોઈ નવી વાત નથી. ભારત એક વિવિધ પ્રકારની ઇકોસિસ્ટમ્સ ધરાવતો દેશ છે. ઉત્તરમાં હિમાલયથી લઈને દક્ષિણના મેદાનો સુધી, કે પૂર્વ અને ઉત્તરપૂર્વનાં જંગલોથી લઈને પશ્ચિમના દરિયાકાંઠા સુધીના આ વિશાળ પ્રદેશમાં પ્રકૃતિનું વૈવિધ્ય અને સૌંદર્ય ભરપૂર પડેલું છે. સ્વાભાવિક રીતે જ, ભારતીય સાહિત્યમાં આ સૌંદર્ય, પ્રાકૃતિક વૈવિધ્ય અને સાંપ્રત સમયના પર્યાવરણનાં ખતરાઓ વિશે આલેખ હોય. ઇકોલોજી અને પર્યાવરણ અંગેનું લેખન પ્રાચીન ભારતીય સાહિત્યમાં પણ જોવા મળે છે.

ભારતમાં અન્ય દેશોની જેમ જ સાહિત્ય એ પર્યાવરણ અને તેની સમસ્યાઓ વિશે અભિવ્યક્તિનું એક સાધન બની રહ્યું છે. પર્યાવરણના સંદર્ભો અને મુદ્દાઓ યુગોથી ભારતીય સાહિત્યમાં વર્ણવવામાં આવ્યા છે. ભારત જેવી પ્રાચીન સંસ્કૃતિઓ આપણને એ બાબતની જાણ કરે છે કે કઈ રીતે વિવિધ સમાજો અને સમુદાયો પ્રકૃતિ સાથે સુમેળ અને સંતુલનમાં રહેતા આવ્યા છે. હવા, પાણી, અગ્નિ, આકાશ અને પૃથ્વી જેવાં મૂળ તત્ત્વો પ્રત્યે આદર અને ઉપાસનાની ભાવના ભારતની સાહિત્યિક અને સાંસ્કૃતિક નીપજોમાં ઘણી વ્યાપક જોવા મળે છે. આ પંચમહાભૂત તત્ત્વો આંતરિક રીતે એકબીજા સાથે જોડાયેલાં છે અને પરસ્પર પર હંમેશા અવલંબિત રહે છે. પ્રાચીન સંસ્કૃત કે તમિલ સાહિત્યમાં પ્રકૃતિ અને પર્યાવરણીય સંતુલનને વિશિષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યું છે. ઘણી બધી સાંપ્રત નવલકથાઓમાં પણ શહેરીકરણ અને ઔદ્યોગિકીરણને કારણે ઊભા થયેલા પડકારો અને માનવીય અસમર્થતાના મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવ્યું છે, સંસ્કૃતમાં કાલિદાસ અને ભવભૂતિ, બંગાળીમાં રવીન્દ્રનાથ ઠાકુર, હિન્દીમાં સુમિત્રાનંદન પંત કે સૂર્યકાન્ત ત્રિપાઠી 'નિરાલા', ગુજરાતીમાં ઉમાશંકર જોશી કે કાકાસાહેબ કાલેલકર, અને ભારતીય-અંગ્રેજી સાહિત્યમાં આર. કે. નારાયણ, રસ્કિન બોન્ડ કે રાજા રાવ જેવા લેખકોએ પ્રકૃતિ અને પર્યાવરણ વિષે વિશદ લખાણ કર્યું છે. જિમ કોર્બેટ કે રુડયાર્ડ કિપલિંગ જેવા બ્રિટિશ-ભારતીય લેખકોએ પણ ભારતની પ્રકૃતિ પર તેમની સાહિત્ય રચનાઓમાં ખૂબ રસપ્રદ રીતે લખ્યું છે. ભારતની બધીજ ભાષાઓમાં અને આદિવાસીઓની મૌખિક પરંપરાઓ પર આધારિત ભાષાઓમાં પણ પ્રકૃતિ-વિષયક લખાણો જોવા મળે છે. જો કે, સમકાલીન ભારતીય

લખાણોમાં પર્યાવરણના વિષયને લગતાં સાહિત્યિક અને બિન-સાહિત્યિક લખાણો વચ્ચે સંખ્યાની દ્રષ્ટિએ અસંતુલન જણાય છે. પર્યાવરણ પર સાહિત્યિક કરતા બિનસાહિત્યિક લખાણો ઘણા વધુ પ્રમાણમાં પ્રકાશિત થયાં છે. ઇકો-ક્રિટિસિઝમનાં મહત્વને સમજીને ભારતની ઘણી યુનિવર્સિટીઓમાં આ વિષય પર ફરજીયાત કે મરજિયાત કોર્સ અભ્યાસક્રમનાં ભાગ રૂપે આપવામાં આવે છે.

નારીવાદ કે અનુઆધુનિકતાવાદ જેવા વિવાદી વિચારધારાકીય સાહિત્યિક પ્રવાહોની તુલનામાં, પર્યાવરણ અને પ્રકૃતિ વિષેના અભ્યાસના નૈતિક ઉદ્દેશો વિષે લગભગ સર્વસંમતિ પ્રવર્તતી હોવાને કારણે, ઇકો-ક્રિટિસિઝમ વિષે બહુ બુનિયાદી ટીકાઓ નથી થતી. ઘણા વિદ્વાનો એવું માને છે કે પ્રકૃતિ અને પર્યાવરણના સંરક્ષણ માટેની સામાજિક-રાજકીય ચળવળો સાથે સંકળાઈ ગયું હોવાને કારણે, ઇકો-ક્રિટિસિઝમની મહત્તા એક સાહિત્યિક સિદ્ધાંત તરીકે એટલી મોટી નથી.

તેમ છતાં, ઇકો-ક્રિટિસિઝમ અભિગમ વ્યાપક રીતે પ્રચલિત થયો છે અને સ્વીકાર્ય પણ બન્યો છે. વર્તમાન સંજોગોમાં એક સાહિત્યિક સિદ્ધાંત તરીકે તેનું મહત્વ ઘણું છે, કારણ કે આ સિદ્ધાંતના બિલોરી કાચનો ઉપયોગ કરીને સાહિત્ય વાંચવાથી પ્રકૃતિની ખૂબીઓ અને પડકારો વિષે એક નવો દ્રષ્ટિકોણ કેળવી શકાય છે. આ સિદ્ધાંત માત્ર પ્રકૃતિની પ્રશંસા કરવા માત્ર સાથે સંકળાયેલો નથી, પરંતુ પર્યાવરણને લગતી સાહિત્યની ભાષા, અભિવ્યક્તિ અને ઉદાહરણોની ઉપયુક્તતા અંગે પણ તે વિશ્લેષણ કરે છે. આપણે પર્યાવરણ તરફ આપણા સમકાલીન કે પહેલાંના વલણને સમજવા માંગીએ તો, પ્રકૃતિના સાહિત્યિક ઇતિહાસને ઇકો-ક્રિટિસિઝમની દ્રષ્ટિએ તપાસવો એ પ્રકારના અભ્યાસની શરૂઆત માટેની એક ઉત્તમ રીત છે.

**Conclusion** | સાહિત્ય-વિવેચનના એક વિશિષ્ટ અભિગમ તરીકે ઇકો-ક્રિટિસિઝમ હવે લગભગ તમામ ભાષા-સાહિત્યમાં સર્વસ્વીકૃત થયું છે. સાહિત્યનો હંમેશા સમાજને સ્પર્શતા ગંભીર પ્રશ્નો અને સમસ્યાઓ સાથે ઊંડો સંબંધ રહેલો છે. ઇકો-ક્રિટિસિઝમ પ્રકૃતિ અને પર્યાવરણના ઝડપથી થઇ રહેલ ધોવાણ અંગેની ચિંતાથી પ્રેરાઈ, સાહિત્યના માધ્યમ દ્વારા પર્યાવરણની જાળવણી વિષે જાગૃતિ ફેલાવવા પ્રયાસ કરે છે. પ્રકૃતિ વિના સંસ્કૃતિ સંભવ નથી એ વાત પ્રકૃતિલક્ષી સાહિત્યકૃતિઓની વિશ્લેષણાત્મક તાપાસ દ્વારા એ પ્રસ્થાપિત કરે છે. પ્રકૃતિનાં આપણાં જીવનમાં કેન્દ્રીય સ્થાન અંગે સભાનતા કેળવવામાં ઇકો-ક્રિટિસિઝમ ઠીકઠીક અંશે સફળ રહ્યું છે.

ભારત જેવા ભૌગોલિક અને પ્રાકૃતિક વૈવિધ્ય ધરાવતા દેશમાં પ્રાકૃતિક સૌંદર્ય અથવા તો પ્રાકૃતિક સમસ્યાઓને કેન્દ્રમાં રાખી લખાઈ હોય તેવી અનેક કૃતિઓ છે. હવે એ વાતની ખૂબ જરૂર છે કે અલગઅલગ ભાષાઓમાં અત્યાર સુધી લખાયેલા, અથવા તો વિવિધ મૌખિક પરંપરાતોમાં સચવાયેલા, સાહિત્યમાં પ્રકૃતિ અંગે માનવ સંવેદના અને કલ્પના ભારતના વિવિધ સમાજો અને સંકૃતિઓમાં કઈકઈ રીતે પ્રગટ થઇ છે તે અંગે તુલનાત્મક, પધ્ધતિસરના અને ઐતિહાસિક અભ્યાસો થાય. આ ઉપરાંત, આપણી યુનિવર્સિટીઓના સાહિત્યના અભ્યાસક્રમોમાં પણ ઇકો-ક્રિટિસિઝમનો યોગ્ય સમાવેશ થાય એ ઇચ્છનીય છે. સાથેસાથે, એ પણ આવશ્યક છે કે પ્રકૃતિ અને પ્રાકૃતિક વિષયો અંગે મૌલિક અને સાંપ્રત સંદર્ભ સાથે જોડાયલા હોય તેવાં નવાં સર્જનાત્મક સાહિત્યનું સર્જન થાય.

## સંદર્ભ સૂચિ

B u e l l, Lawrence. *The Environmental Imagination. Thoreau, Nature Writing, and the Formation of American Culture.* Harvard University Press, 1995

Buell, Lawrence. *The Future of Environmental Criticism: Environmental Crisis and Literary Imagination.* Blackwell Publishing, 2005

Clark, Timothy. *The Cambridge Introduction to Literature and Environment*. Cambridge University Press, 2011

Glotfelty, Cheryll and Fromm, Harold (eds). *The Ecocriticism Reader: Landmarks in Literary Ecology.* Athens, Georgia and London: The University of Georgia Press. 1996.

Phillips, Dana. *Ecocriticism, Literary Theory and Truth of Ecology.* John Hopkins University Press, 1999

Rueckert, William. "Literature and Ecology: An Experiment in Ecocriticism." *Iowa Review* 9.1, 1978, pp. 71-86